# મેઘરજમાં વધુ એકને સ્વાઈન ફલુ પોઝેટીવ અને એક શંકાસ્પદ સ્વાઈન ફલુથી ફફડાટ

મેઘરજ, તા. ૧૯

મેઘરજ તાલુકામાં સ્વાઈન ફલુને લઈને ફફડાટ છે ત્યારે બીજા બે કેસ સ્વાઈન ફલુ હોવાના રિપોર્ટમાં જણાતાં તાલુકાના ગ્રામિણ વિસ્તારોમાં ફફડાટ વ્યાપ્યો છે.

મેઘરજ તાલુકાના પટેલછાપરા ગામે ૪૮ વર્ષીય ઈસમને શર્દી ખાંસી તેમજ તાવ આવ્યો હતો જેથી આ ઈસમને મેઘરજની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ગયો હતો તે દરમ્યાન સારવાર કરનાર તબિબને સ્વાઈન ફલુના લક્ષણો જણાતાં આ ઈસમને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લેબોરેટરી પરીક્ષણ માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં આ ઈસમને સ્વાઈન ફલુ પોઝેટીવ આવતા સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે સારવાર શરૂ કરી દેવામાં આવી હતી. જ્યારે ધાંધિયા ગામની ૪૪ વર્ષીય મહીલાને તાવ શરદી ખાંસી હોવાથી મહીલાને મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવી હતી. જ્યાં તબિબને મહિલા શંકાસ્પદ સ્વાઈન ફલુના લક્ષણો જણાતા મહિલાને આઈસોલેટેડ વોર્ડમાં ખસેડી સઘન સારવાર હાથ ધરી મહિલાને સ્વાઈન ફલુ છે કે નહિ તે જાણવા માટે મહિલાના સેમ્પલ લેબોરેટરી પરીક્ષણ માટે અમદાવાદ સિવિલ ખાતે મોકલી આપ્યા હતા.

મેઘરજ તાલુકામાં ૨ દિવસમાં ૨ લોકો સ્વાઈન ફલુમાં સપડાતા ગ્રામ્ય વિસ્તારોમાં લોકોમાં ભયનો માહોલ વ્યાપ્યો છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં ડોર ટુ ડોર સર્વે કરવામાં આવે અને સ્વાઈન ફલુ ફેલાતો અટકાવવા જાગૃતિ ફેલાવવામાં આવે તેવું લોકોની પ્રબળ માંગ છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા મેઘરજ તાલુકામાં ઓરમાયું વર્તન કરવામાં આવતું હોય અને તાલુકાવાસીઓ ભગવાન ભરોશે હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે અને તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા શંકાસ્પદ સ્વાઈનફલુ અને સ્વાઈનફલુ પોઝેટીવ દર્દીઓની હકીકત છુપાવી તાલુકાની ભોળી પ્રજાને આંખોમાં ધૂળ નાખી રહ્યા હોવાનું કેટલાક જાગૃત નાગરિકો પાસેથી જાણવા મળ્યું હતું.

# અહો આશ્ચર્યમ : અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગની સારવાર પર જિલ્લાવાસીઓને ભરોસો જ નથી

## તમામ શંકાસ્પદ અને સ્વાઇન ફલુના દર્દીઓ અમદાવાદ અને હિંમતનગર સારવાર હેઠળ

અરવલ્લી, તા. ૧૯

અરવલ્લી જિલ્લામાં જિલ્લા આરોગ્ય વિભાગ સ્વાઈનફલુ સામેની લડાઈ દેખાડો સાબિત થયી રહી છે અને જિલ્લા કલેકટરને પણ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ઉલ્ટા ચશ્માં પહેરાવામાં આવી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર સમાચારમાં અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ઉભા કરાયેલા સાર્વજનિક હોસ્પિટલમાં ટેમિફ્લૂ નામની દવાનો જથ્થો ખલાસ હોવા અંગે અહેવાલ પ્રકાશિત થતા તાબતોડ જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલની અધ્યક્ષતામાં મિટિંગ બોલાવી હતી જેમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ વર્મા દ્વારા સબસલામત અને સાર્વજનિક હોસ્પિટલમાં ટેમિફ્લૂનો જથ્થો પૂરતા પ્રમાણમાં હોવાનો રાગ આલોપી એનકેન પ્રકારે જિલ્લા કલેકટરને સમજવામાં સફળ રહ્યા હોવાનું આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.




અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગની સારવાર પર જિલ્લા વાસીઓમાં અનેક શંકાઓ કુશંકાઓ પેદા થયી રહી છે. જિલ્લાના અનેક સી.એચ.સી અને પી.એચ.સી પર તબીબોની ઘટ અને કેટલાક પ્રાથિમિક આરોગ્ય કેન્દ્ર ચાર્જમાં ચાલતા હોવાથી બીમાર દર્દી અને પ્રસૂતાઓને સમયસર સારવાર મળતી ન હોવાથી ન છૂટકે શહેરોની ખાનગી હોસ્પિટલોમાં મોંઘીદાટ સારવાર લેવી પડે છે. તદુપરાંત અયોગ્ય વહીવટના પગલે દવાઓનો પૂરતા પ્રમાણમાં જથ્થો પણ ઉપલબ્ધ હોતો નથી. અરવલ્લી જિલ્લામાં છેલ્લા સપ્તાહ જેટલા સમયમાં નોંધાયેલ સ્વાઈનફલુના દર્દીઓ અને પરિવારજનોમાં જિલ્લા આરોગ્ય વિભાગની સારવાર પર ભરોષો ન હોવાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલમાં અને હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સ્વાઈનફલુને નાથવા માટે આયુર્વેદિક ઉકાળા પીવડાવી રહી છે અને સ્વાઈનફલુ સામે રક્ષણ મેળવવા ઉકાળા પીવાની સલાહ આપી નક્કર કામગીરીમાંથી બચી રહી હોય તેવો અહેસાસ જિલ્લાના પ્રજાજનો અનુભવી રહ્યા છે. યોગ્ય વહીવટ અને જાણકારીના અભાવે લોકો સ્વાઈનફલુ નામની બીમારીનું નામ પડતાની સાથે જ ફફડી ઉઠ્યા છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જોરશોરથી પ્રચાર થયી રહ્યો છેકે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા મોટા પાયે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે જિલ્લા આરોગ્ય વિભાગની ટીમો ફક્ત શંકાસ્પદ સ્વાઈનફલુ અને સ્વાઈનફલુ પોઝેટીવ દર્દીઓના વિસ્તાર અને આજુબાજુના ગામડાઓમાં જ સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે અને સર્વે કરતી ટીમના સદસ્યો માસ્ક પણ પહેરતા ન હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે સ્વાઈનફલુ ફેલાતો અટકાવવા માસ્ક પહેરવાની સલાહ આપવામાં આવે છે ત્યારે આરોગ્ય કર્મચારીઓ જ આ બાબતે બેદરકારી દાખવતા હોય તો સામાન્ય માણસો ક્યાંથી સ્વાઈન ફલુ માટે ગંભીર બને તેવી ચર્ચા જાગૃત નાગરિકો દ્વારા થયી રહી છે. જિલ્લા આરોગ્યવિભાગ દ્વારા શાળાઓમાં સ્વાઈનફલુ અંતર્ગત સમજણ આપવાના દાવા પણ ખોટા કરાઈ રહ્યા હોવાનું મોટાભાગની શાળાઓ અને જાણીતી હાઈસ્કૂલોમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ કાગળ પર જ સબસલામત હોવાનું અને બેઠકોમાં જ સલામતીના ગાણાં ગઈ રહી છે બીજી બાજુ જિલ્લામાં ધીરે ધીરે પ્રસરતા સ્વાઈનફલુના અજગરી ભરડામાં જિલ્લાના પ્રજાજનો સપડાતા જિલ્લાના લોકો સ્વાઈનફલુની બીમારીમાં ભગવાન ભરોસે હોય તેવું અનુભવી રહ્યા છે. આગામી સમયમાં જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સક્રિય અને તકેદારીના યોગ્ય પગલાં ભરવામાં નહિ આવે તો જિલ્લામાં શંકાસ્પદ અને સ્વાઈનફલુ નામની બીમારીમાં અનેક લોકો સપડાશે અને આંક વધતો જશે ત્યારે જિલ્લાના જાગૃત નાગરિકો દ્વારા જિલ્લા કલેકટરની સીધી દેખરેખ હેઠળ જિલ્લા આરોગ્ય વિભાગ અસરકારક કામગીરીની લોકો માંગ કરી રહ્યા છે.

## મહિયલમાં સેવાસેતુ કેમ્પનો ૩૨૦૦ લાભાર્થીઓએ લાભ લીધો

તલોદ, તા. ૧૯

તલોદ તાલુકાના મહિયલ ગામની પ્રાથમિક શાળામાં તલોદ મામલતદાર કે.ટી. મેણાત અને તાલુકા વિકાસ અધિકારી કિરીટભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં મહિયલ વલિયમપુરા, દોલતાબાદ, રૂપાલ, ચંદપુર, કેરારપુરા, મહાદેવપુરા, ટાટરડા, રાયણીયા, ઘાગવાસણા, બાદરની મુવાડીના ગ્રામજનોના લાભાર્થીઓના નાના-મોટા પ્રશ્નોનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો.

લાભાર્થીઓ મોટી સંખ્યામાં આવેલ હતા. આવક-જાતિના દાખલા, આધારકાર્ડ, રેશનકાર્ડ, ઉજજવલા યોજના, મા વાત્સલ્ય કાર્ડ, સમાજ સુરક્ષા યોજનાઓ, મતદારયાદી સુધારણા, રોગ નિદાન કેમ્પ, વારસાઈ નોંધ અનેકવિધ સરકારી યોજનાનો ૩૨૦૦ જેટલા લાભાર્થીઓને લાભ આપ્યો હતો. મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીનો સ્ટાફ તથા તલાટીઓ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પાલનપુરમાં કોંગ્રેસે નીટ માટે સરકાર વટહુકમ બહાર પાડે તેવી માંગ સાથે કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું

તમિલનાડુ સરકારે વટહુકમ બહાર પાડીને ચાલુ વર્ષે નીટની અસંવેદનશીલ ગણાવી છે આજે જિલ્લા મથક પાલનપુર માં જિલ્લા વિદ્યાર્થીઓને પ્રાધાન્ય આપવું જોઈએ. વર્ષે કોઈ પણ હિસાબે નીટ આપનારા



પરીક્ષામાંથી મુક્તિ આપી છેજોકે રાજ્યના ગુજરાતી માધ્યમના ૪૭ હજારથી વધુ વિદ્યાર્થીને અલગ મેરિટથી મેડિકલમાં પ્રવેશની માંગણી સાથે વાલીઓ-વિદ્યાર્થીઓ આંદોલન માર્ગ સાથે સરકાર સામે બાયો ચઢાવી છે . તેમના સમર્થનમાં કોંગ્રેસ ઝંપલાવતા આંદોલનને રાજકીય રંગ મળ્યો છે. કોંગ્રેસે ગુજરાત સરકારને કોંગ્રેસ દ્વારા જીલ્લા કલેક્ટરને નીટ ના મામલે આવેદનઆપ્યું હતું પાલનપુર ધારાસભ્ય મહેશભાઈ પટેલ ,શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ ચૌહાણ ,દિનેશ ગઢવી સહિત કોંગ્રેસ ના કાર્યકર્તા મોટી સંખ્યા માં હાજર રહ્યા હતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીર ચૌહાણ જણાવ્યું હતું કે મેડિકલ શાખામાં ગુજરાતી માધ્યમના ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનો પ્રશ્નોનું સોલ્યુશન લાવવું જોઈએ. ગુજરાતી માધ્યમના ૪૭,૦૦૦ વિદ્યાર્થીઓને માટે બે દિવસમાં સરકારને રજૂઆત કરાશે. જો વિદ્યાર્થી ના હિત માં તમિલનાડુ સરકાર જેમ વટહુકમ બહાર પાડીને રાજય સરકાર નિર્ણય નહિ લે તો આંદોલન ની ચીમકી ઉચ્ચારી હતી.

## તત્વ ઈન્સ્ટીટ્યૂટમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાની તત્વ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજીકલ સ્ટડીઝ, મોડાસા ખાતે ૭૧માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન આર.વી. પુવાર, વાઈસ ચેરમેન પ્રભુદાસ પટેલ, સેક્રેટરી ધર્મેન્દ્રભાઈ પટેલ, પ્રિન્સિપાલ ડૉ. એચ.આર. વરીઆ તથા અન્ય ટ્રસ્ટીગણ, સ્ટાફમિત્રો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી નિમિત્તે તત્વ ફાઉન્ડેશનના ચેરમેન આર.વી. પુવારે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવી ધ્વજવંદન કરાયુ હતુ. આ દિવસની ઉજવણી વિશેની અગત્યની માહિતી વિદ્યાર્થીઓને પુરી પાડી હતી.



## પ્રાંતિજ ખાતે શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની સવારી નિકળી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની દરવર્ષની જેમ આ વર્ષે પણ મંદિરના વ્યવસ્થા સ્થાપકો દ્વારા વાજતે ગાજતે સવારી કાઢવામાં આવી હતી. જેમાં શિવભકતો દ્વારા શ્રી માલ્કડેશ્વર દાદાની પધરામણી ઘરે કરાવી આરતી ઉતારી પ્રસાદ વહેચી ધન્યતા અનુભવી હતી. નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પાંડવોના સમયથી અતિ પ્રાચીન મંદિર શ્રી માલ્કડેશ્વર મહાદેવની દરવર્ષની જેમ જન્માષ્ટમીના દિવસે પાલખી સ્વરૂપે નગરયાત્રા કાઢવામાં આવી હતી.જયારે શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની સવારી વર્ષમાં બે વખત નિકળે છે. જેમાં શિવરાત્રી તથા જન્માષ્ટમી. એમાં શિવરાત્રીના દિવસે દાદાની સવારી નાની ભાગોળ, બજારચોક તથા ગામના અંદરના રૂટોમાં જાય છે.

# મોડાસાના મોટી ઈસરોલમાં અનોખી રીતે જન્માષ્ટમીની ઉજવણી

## ઇકોફ્રેન્ડલી રીતે નંદ કુટીર બનાવાઈ : ૧૧ જાતના અનાજના લાખો કણ ભેગા કરી ગોકુળ ઉભું કરાયું



મોડાસા, તા ૧૯

અરવલ્લી જીલ્લાના મોડાસાના મોટી ઈસરોલ ગામમાં એક પરિવાર દ્વારા ૧૧ જાતના અનાજના લાખો કણ ભેગા કરી નંદ કુટીર બનાવીને ઘરમા ઈકો ફ્રેન્ડલી જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી રહી છે.

સામાન્ય રીતે ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવની ઉજવણી સમગ્ર દેશ સહિત રાજ્યના મંદિરોમા કરવામાં આવે છે.ત્યારે કૃષ્ણભકતો ધ્વારા પોતાના મકાનમાં ગામમાં પણ નંદોત્સવની ઉજવણી કરવામાં આવતી હોય છે ત્યારે મોડાસાના મોટી ઈસરોલ ગામ ખાતે એક પરિવારે પોતાના ઘરમાં ઈકો ફ્રેન્ડલી જન્માષ્ટમી ઉજવવા નંદ કુટિર બનાવી છે.પરિવારના સભ્યો તેમજ ગામના બાળકો,યુવાનોએ દિવસ રાત જાગીને અડદ, ઘઉં, ચોખા, મગ, તલ, રાજમા જેવા અગિયાર જાત ના જુદા જુદા ધાન્ય (અનાજ)ના લાખ્ખો કણને ચોંટાડી નંદ કુટિર બનાવી છે . આનંદ કુટીરમાં ગોવર્ધન પર્વત વિશેષ આકર્ષણ જમાવે છે. જેમાં સતત વહેતું પાણી ગોકુળ-વૃંદાવનનું ચિત્ર ઉભું કરે છે. આ કુટિરમા ભગવાન શ્રી કૃષ્ણને પારણામા બેસાડી જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. નંદકુટીરમાં બળદગાડા સહીત સામગ્રીઓ અદ્દલ ગામડાનો આકાર ઉભો થયો છે. મોટી ઈસરોલના ડોક્ટર દંપતી એકતાબેન રહેવર અને સિદ્ધરાજસિંહ રહેવર દ્વારા ગામના બાળકો અને યુવાનોના સહયોગથી નંદ કુટિર બનાવાઈ છે. ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની આ ઉજવણીમાં ભગવાનના દર્શન માટે મોટી ઈસરોલના ગ્રામજનો સહિત કેટલાક ભક્તો દર વર્ષે જુદી જુદી રીતે ઉજવાતી આ જન્માષ્ટમીના દર્શન માટે ખાસ આ પરિવારના ઘરે આવે છે અને આ ઉજવણી મા જોડાય છે.

## મેઢાસણ હાઈસ્કૂલ નજીક મૃત હાલતમાં નવજાત શિશુ મળ્યુ

મોડાસા તાલુકાના મેઢાસણ ગામની હાઈસ્કૂલ પાસેની ઝાડી ઝાંખરામાંથી મૃત હાલતમાં નવજાત શિશુ મળતા લોકોમાં ભારે હાહાકાર મચી જવા પામ્યો હતો. મૃત હાલતમાં નવજાત શિશુ મળતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને મૃત હાલતમાં ફેંકી દેવાયેલ નવજાત શિશુને જોઈને લોકોએ આ રીતે મૃત નવજાત શિશુને ફેકી દેનાર જનેતા સામે ફીટકાર વરસાવી હતી.

# આલમપુર ગામની સીમમાં ટવેરા ગાડી ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં એકનું મોત

મોડાસા, તા. ૧૯

મોડાસા-ધનસુરા રાજયધોરીમાર્ગે પર આવેલા આલમપુર ગામની સીમમાં શુક્રવારે મોડી રાત્રે અમદાવાદ એરપોર્ટ જતા ગાડીમાં વાયા મોડાસાથી અમદવાદ જઈ રહ્યા હતા ત્યારે આલમપુર ગામ નજીક પસાર થતી ટાવેરા (ગાડી નં-આર.જે.૧૨. યુએ. ૨૪૮૭)ને નડિયાદ તરફથી આવતી ટ્રક(ગાડી



નં-આર.જે.૧૮ જીએ.૨૦૩૪ )ના ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી ટવેરા ગાડીને ટક્કર મારતા ટવેરા ગાડીના ભુક્કેભુક્કા બોલાઈ ગયા હતા ટાવેરા ગાડીના ચાલાક દીપકપૂરી બુદ્ધપુરી ગોસ્વામી (રહે.અંબાડા-ડુંગરપુર,રાજ.)ને શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ટાવેરામાં અન્ય સવાર રવીન્દ્રપુરી નારાયણપુરી ગોસ્વામી (રહે. ગોવાડી-ડુંગરપુર,રાજ.) જમણા હાથે ફ્રેક્ચર થયું હતું અને ટાવેરામાં બેઠેલા અન્ય ૫ લોકોના શરીરે નાની મોટી ઈજાઓ થયી હતી અકસ્માતથી ટ્રક પલટી ખાઈ રોડ સાઈડ ખાબકી હતી. અકસ્માત સર્જી ટ્રક ચાલક ફરાર થયી ગયો હતો. અકસ્માતની ઘટનાની જાણ મોડાસા રૂરલ પોલીસને થતા ઘટનાસ્થળે પહોંચી મૃતક ડ્રાઈવરની લાશને પોર્ટમોર્ટમ માટે મોકલી આપી તમામ ૬ ઈજાગ્રસ્ત લોકોને સારવાર અર્થે મોડાસા દવાખાને ખસેડી ચિરાગગીરી ધનેશ્વરગીરી ગોસ્વામી (રહે.ખુટવાડા-ડુંગરપુર, રાજ)ની ફરિયાદના આધારે મોડાસા રૂરલ પોલીસે અજાણ્યા ફરાર ટ્રક ચાલાક વિરુદ્ધ અકસ્માતે મોત નિપજાવવાનો ગુન્હો નોંધી ટ્રક નંબર આધારે ચાલકને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

રાજસ્થાનના ગલિયાકોટ તાલુકાના જોગપુર ગામના ૭ લોકો કુવૈત જતા સ્વજનોને અમદાવાદ એરપોર્ટ પર મુકવા માટે ટવેરા રાજસ્થાનના પરિવારની ટાવેરા ગાડીને ધનસુરા તરફથી આવતા ટ્રકે ટક્કર મારાતા ટવેરા ગાડીનો કડૂચાલો વળી ગયો હતો અને ચાલાકનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ટાવેરા ગાડીમાં સવાર અન્ય ૬ લોકો ઘાયલ થતા અકસ્માતના પગલે દોડી આવેલી મોડાસા રૂરલ પોલીસે ઈજાગ્રસ્તોને સરવાર માટે ખસેડી મૃતકને પી.એમ. માટે મોકલી આપી અકસ્માત સર્જી ફરાર અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અરવલ્લી જિલ્લા એસ.ઓ.જી. પોલીસે કતલખાને લઈ જવાતા ૮ પશુઓને બચાવ્યા

અરવલ્લી, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના ચાંદટેકરી અને રાણાસૈયદ વિસ્તરમાં કેટલાક અસામાજિક તત્વો અરવલ્લી-સાબરકાંઠા, પંચમહાલ,



મહીસાગર સહીત ઉત્તર ગુજરાત અને પાડોશી રાજ્ય રાજસ્થાનમાંથી પશુઓની ચોરી કરી ગેરકાયદેસર કતલખાને ધકેલવાનો કાળો કારોબાર ચલાવી રહ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લા પોલીસે બાતમીના આધારે ગુરુવારે ચાંદટેકરી નજીકના ઝાડી-ઝાંખરામાંથી ૧૦૫ પશુઓને બચાવી લેવાયાને હજુ બે દિવસનો સમય થયો નથી ત્યારે પશુ તસ્કરોને પોલીસની કોઈ બીક જ રહી ન હોય તેમ રાણાસૈયદ વિસ્તારમાં ૮ પશુઓને ગેરકાયદેસર રીતે કતલખાને લઈ જવામાં આવનાર હોવાની જિલ્લા એસ.ઓ.જી પોલીસને બાતમી મળતા કોમ્બિંગ હાથ ધરી રાણાસૈયદ વિસ્તાર નજીકથી પસાર થતી ખુલ્લી નદીના પટમાંથી ૮ પશુઓને બચાવી લીધા હતા. જેમાં ૫ ગાય, ૨ બળદ અને ૧ વાછરડું મળી કુલ રૂ. ૯૧૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ રેડ જોઈ નાસી છૂટેલા અજાણ્યા કસાઈઓ વિરુદ્ધ ઘી પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ - ૧૯૬૦ની કલમ મુજબ ફરિયાદ નોંધી ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

# ધાનેરામાં પૂરપીડિતોએ વિશાળ સભા સંબોધી આવેદનપત્ર આપ્યું

ધાનેરા સાચા પૂર પીડિતો ને સહાય ન મળતા આજે ધાનેરા માં પૂરપીડિતો ભેગા થયા હતા અને વિશાલ સભા સંબોધી ધાનેરા ના વિવિધ અધિકારીઓ ને રીસર્વે કરી સહાય આપવા માટે આવેદનપત્ર આપ્યું હતું.

ધાનેરા ના લોકો ને હજુ સુધી સહાય ન મળતા લોકો લડી લેવાના મૂળ માં દેખાઈ આવ્યા હતા અને આજે ધાનેરા ના લાલ ચોક ખાતે વિશાલ સભા સંબોધી હતી અને મોટી સંખ્યા માં પૂર પીડિત ભેગા થયા હતા અને વિશાલ રેલી યોજી ધાનેરા પ્રાંતઅધિકારી તાલુકા વિકાશ અધિકારી ને આવેદનપત્ર આપ્યું હતું અને માંગણી કરી હતી કે ધાનેરા ના સાચા પૂરગ્રસ્ત લોકો ને હજુ સુધી સહાય મળી નથી માટેક તાત્કાલિક પૂરગ્રસ્ત લોકો ને સહાય આપવી અને મકાન ખેતર તેમજ દુકાન સર્વેમાં ગોટાળા કરવામાં આવ્યા છે અને સાચા લોકો ને સામાન્ય સહાય મળી છે અને ખોટા લોકો મોટી સહાય લઈ ગયા છે માટે ફરીથી રીસર્વે કરી સકવહ લોકોને સહાય માટે માંગણી કરી હતી.

સરકારે પૂરગ્રસ્ત લોકો માટે બે હાજર કરોડ સહાય ફાળવી છે ત્યારે લોકો સુધી હજુ પણ સહાય પહોંચી નથી તો આ સહાય ક્યાં ગઈ,,,,,? તે પણ એક મોટો સવાલ છે માટે ગુજરાત ની સરકાર આ બાબતે તાપસ કરાવે તો મોટું કૌભાંડ બહાર આવવાની સહકયતો સેવાઈ રહી છે.

# મહેસાણા જિલ્લા કલેકટરને સંકલનમાં વિદાય અપાઈ

મહેસાણા, તા. ૧૯

મહેસાણા જિલ્લા કલેકટર આલોક કુમાર ત્રણ વર્ષ સુધી ઉત્તર પ્રદેશમાં ડેપ્યુટેશન પર જઈ રહ્યા છે. જે અંતર્ગત આજે સંકલન બેઠકમાં વિદાય આપવામાં આવી હતી. ધારાસભ્ય સર્વ નારાયણભાઈ પટેલ, ઋષિકેશભાઈ પટેલ અને રમેશ ચાવડાએ બુકે આપી જિલ્લામાં કરેલ કામગીરીનું સન્માન કર્યું હતું.

જિલ્લા વહીવટીતંત્ર તરફથી નિવાસી અધિક કલેકટર રમેશ મરેજા દ્વારા વિઘ્ન હર્તા ગણેશ ભગવાનની મુર્તિ આપી સન્માન કરાયુંહતું. જિલ્લા પોલીસ તંત્ર તરફથી જિલ્લા પોલીસ અધિક્ષક ચૈતન્ય મંડલિક અને જિલ્લા પંચાયત તરફથી ગ્રામ વિકાસ એજન્સી નિયામકે જિલ્લા કલેકટરનું સન્માન કર્યુંહતું. જિલ્લા કલેકટર આલોક કુમારે જણાવ્યું હતું કે છેલ્લા સવા વર્ષથી મહેસાણામાં કામ કરવાની તક મળી હતી. મહેસાણા જિલ્લામાંથી કંઈક શીખવા મળ્યુંછે. મહેસાણા જિલ્લાએ વિવિધ ક્ષેત્રે અપ્રિતમ પ્રગતિ સાધી છે. મહેસાણા જિલ્લામાંથી દરેક લોકો પાસેથી સહયોગ મળ્યો છે.

જિલ્લા કલેકટર આલોક કુમારે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત વહીવટી અને લોકશાહી દષ્ટીએ ઉત્તમ રાજ્ય છે. ગુજરાતની પ્રગતિ ઉડીને આંખે વળગે તેવી છે. ઉત્તર પ્રદેશ ઐતિહાસિક અને પ્રવાસન ક્ષેત્રે નામના ધરાવે છે. ઉત્તર પ્રદેશમાં ત્રણ વર્ષ કામ કરવાની તક મળી છે. ત્રણ વર્ષ બાદ ગુજરાતમાં આવીને કામ કરવાનો છું.